# રાજ્યમાં ઘરમાં કે બહાર, ખાવાનું જ જોખમી, 444 સેમ્પલ ફેઈલ

**2024-25માં** નવેમ્બર સુધીમાં 5,371 સેમ્પલ લેવાયાં હતાં, લોકો ગંભીર બીમારીઓનો શિકાર છતાં ફૂડ વિભાગની લાપરવાહીના આક્ષેપ

**સેમ્પલ લેવા પ્રજાના 12.96 લાખ ખર્ચાયા, મોટાભાગના સેમ્પલો પાસ, અધિકારીઓની મિલીભગતના આક્ષેપ**

ડો. મનિષ એમ. દોશીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્તરે માત્ર ૧૫% જેટલા નિયમભંગ કરનારાઓ સામે જ અસરકારક કાર્યવાહી થાય છે. ૧-૧-૨૦૨૩થી ૩૧-૧૦-૨૦૨૪ દરમિયાન AMCના ફૂડ સેફ્ટી ઓફિસરોએ એન્ફોર્સમેન્ટ માટે ફૂડ સેમ્પલ લેવા પાછળ પ્રજાના કુલ રૂ. ૧૨,૯૬,૩૩૬/- જેટલા રૂપિયા ખર્ચ્યા છે. આટલો ખર્ચ થવા છતાં મોટાભાગના ફૂડ સેમ્પલો લેબોરેટરીમાં "પાસ" થવાના રિપોર્ટ આવે છે, જે દર્શાવે છે કે ફૂડ અધિકારીઓ જાણબૂઝીને એવા જ નમૂનાઓ લે છે જે લેબમાં પાસ થઈ જાય. આ સમગ્ર પ્રક્રિયામાં મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાનો સંદેહ છે અને સામાન્ય નાગરિકોને શુદ્ધ ખોરાક ભાગ્યે જ મળતો હોય તેવી સ્થિતિ છે.

અમદાવાદઃ ગુજરાતમાં ખાદ્ય પદાર્થોમાં વ્યાપક ભેળસેળને કારણે લાખો નાગરિકોની જીંદગી ગંભીર જોખમમાં મુકાઈ રહી છે અને લોકો વિવિધ ગંભીર બિમારીઓનો શિકાર બની રહ્યા છે. ફૂડ સેફ્ટી વિભાગની અપૂરતી ચકાસણી, લાપરવાહી તથા હપ્તારાજ આ સ્થિતિ માટે સીધા જવાબદાર છે, તેવું પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ એમ. દોશીએ જણાવ્યું હતું.

દોશીએ વધુમાં કહ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ખોરાકની સુરક્ષા અને નીચી ગુણવત્તાના (Sub-standard Quality) ખાદ્ય પદાર્થોની ફરિયાદોમાં ચિંતાજનક વધારો થયો છે. વર્ષ ૨૦૧૬થી ૨૦૨૬ દરમિયાન દૂધમાં ભેળસેળ, મસાલાઓમાં પ્રદૂષણ અને અન્ય ખાદ્ય પદાર્થોમાં નીચી ગુણવત્તાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. FSSAIના રિપોર્ટ્સ, સંસદીય જવાબો અને ગુજરાત FDCAની કાર્યવાહીઓ પરથી મળેલા ડેટા મુજબ પ્રારંભિક વર્ષોમાં (૨૦૧૬-૨૦૧૮) વિગતવાર આંકડા મર્યાદિત છે, પરંતુ રાષ્ટ્રીય સ્તરે તથા ગુજરાતમાં ભેળસેળનો પ્રવાહ સતત વધતો રહ્યો છે.

વર્ષ ૨૦૨૪-૨૫માં (નવેમ્બર સુધી) કુલ ૫,૩૭૧ નમૂનાઓમાંથી ૪૪૪ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા છે. વર્ષ ૨૦૨૫-૨૬માં (ચાલુ વર્ષ) ખાસ કરીને મસાલા મિશ્રણના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે, જો કે સંપૂર્ણ વર્ષનો ડેટા હજુ ઉપલબ્ધ નથી. વર્ષ ૨૦૨૨-૨૩માં નિષ્ફળ નમૂનાઓનું પ્રમાણ સૌથી વધુ હતું, ત્યારબાદ સંખ્યામાં થોડો ઘટાડો થયો છે, પરંતુ વર્ષ ૨૦૨૪માં ટકાવારીની દ્રષ્ટિએ તીવ્ર વધારો નોંધાયો છે. દૂધ, પનીર, મસાલા અને તેલમાં સમસ્યા સતત યથાવત્ છે.

# સ્ક્રીનના વધતાં ઉપયોગથી બાળકોમાં આંખનો રોગ વધ્યો

**5થી 15** વર્ષ સુધીનાં બાળકોમાં આંખનો માયોપીયા રોગ 25 ટકા, અટકાવાય નહીં તો 50 ટકા થઈ જશે

**જે શાળામાં** આઉટડોર ગેમ્સનું પ્રમાણ ઓછું ત્યાં રોગ વધુ, આજથી બે દિવસીય તબીબોની કોન્ફરન્સ

અમદાવાદઃ આધુનિક ટેકનોલોજીની વધતા નાના બાળકોમાં આંખને લગતી માયોપિયા રોગની બીમારીનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે. હાલમાં 5થી 15 વર્ષ સુધીના બાળકોમાં આ રોગનું પ્રમાણ 25%થી વધારે છે. જો તેને અટકાવવામાં નહીં આવે તો આવનારા સમયમાં આ પ્રમાણ વધીને 50 ટકા સુધી પહોંચી શકે છે. નાના બાળકોમાં વધતા જતા માયોપિયા રોગ તેમજ અન્ય આંખોને લગતી બીમારીને અટકાવવા અમદાવાદમાં આવતીકાલથી ઓલ ગુજરાત ઓપ્થેલમોલોજીકલ સોસાયટી દ્વારા બે દિવસની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ઓલ ગુજરાત ઓપ્થેલમોલોજીકલ સોસાયટીના સેક્રેટરી જગદીશ રાણાએ જણાવ્યું હતું કે મોબાઈલ, ટીવી, એલઈડી, કોમ્પ્યુટર સહિતની સ્ક્રીનના વધારે પડતા ઉપયોગને કારણે નાના બાળકોને આંખોની તકલીફ વધારે જોવા મળી રહી છે. ખાસ કરીને જે શાળાઓમાં આઉટડોર રમતોનું પ્રમાણ ઓછું છે. તેવી શાળાઓના વિદ્યાર્થીઓમાં માયોપીયા રોગનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે.

અમદાવાદમાં આવતીકાલથી ઓલ ગુજરાત ઓપ્થેલમોલોજીકલ સોસાયટી દ્વારા શરૂ થનાર બે દિવસીય કોન્ફરન્સમાં ભારતમાંથી 500થી વધુ આંખના નિષ્ણાત તજજ્ઞ ભાગ લેવાનાર છે. આંખની બીમારીઓને લઈ 14 જેટલા જુદા જુદા વિષયો ઉપર આ નિષ્ણાતો દ્વારા ચર્ચા વિચારણા કરી તેની સારવાર અંગે માહિતી આપવામાં આવશે. એઆઈ ટેકનોલોજી આંખના રોગોમાં કેવી રીતે મદદરૂપ થાય તે અંગે પણ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

## 12 સાયન્સ પ્રેક્ટિકલ પરીક્ષાના ગુણ શાળાઓ બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન ભરે

ગાંધીનગરઃ ધોરણ -12 સામાન્ય પ્રવાહની બોર્ડ કક્ષાના પ્રાયોગિક વિષયની પરીક્ષાના ગુણ શાળાઓ દ્વારા બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન ભરવાના રહેશે. ધોરણ- 12 સામાન્ય પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએથી લેવાતી હોય છે. આ પ્રાયોગિક પરીક્ષાના ગુણ રાજ્યની તમામ શાળાઓ દ્વારા આજથી 6 ફેબ્રુઆરી 2026થી 21મી ફેબ્રુઆરી સુધી બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન ભરવાના રહેશે. પરીક્ષાર્થીના વિષય કે અન્ય કોઈ બાબતે વિસંગતતા જણાય તો ગાંધીનગર બોર્ડની કચેરી ખાતે સામાન્ય પ્રવાહ ક શાખાનો જરૂરી આધાર પુરાવા સાથે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

# રાજ્યમાં 34 ડિગ્રીએ ગરમીનો અહેસાસ, ઠંડીની પાછીપાની

**એકાદ** બે સ્થળે 14 ડિગ્રી સિવાય રાજ્યભરમાં ઠંડી 20 ડિગ્રી સુધી ઘટવા લાગી, ઉનાળાનાં ડોકિયાં

ગાંધીનગરઃ આજે રાજ્યમાં ઠંડીનો પારો ઘટયો અને બપોરે થોડી ગરમ હવા અનુભવાઈ રહી છે, જો કે શિયાળો હોવાની આદર્શ સ્થિતિથી અલગ છે.

આ હવામાનનું વલણ "હીટ ટ્રાન્સિશન" તરફ છે, જ્યાં શિયાળાના ઠંડી લગભગ નરમ પડી રહી છે, ગરમીનો પારો ધીરે ધીરે વધી રહ્યો છે. બપોરે ગરમીનો અનુભવ વધી રહ્યો છે. સૌરાષ્ટ્ર અને અન્ય ક્ષેત્રમા ઠંડી ઘટીને લગભગ 14C સુધી પહોંચી છે. ઉત્તર પૂર્વી તરફથી હવા એવી રીતે ફૂંકાઈ રહી છે કે રાત્રે અને સવારે ઠંડી લાગતી હોવા છતાં બપોરે ગરમીનો અનુભવ થાય છે. રાજ્યભરના હવામાનમાં આ ઋતુગત ફેરફાર દેખાઈ રહ્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે આગામી દિવસોમા તાપમાન વધુ ઉંચુ રહેવાની શક્યતા છે. આજે દિવસ દરમ્યાન રાજયમાં સરેરાશ 29થી 34 ડિગ્રી સુધી મહત્તમ તાપમાન નોંધાયુ હતું. એકલા રાજકોટ શહેરમાં ગરમીનો પારો 34 ડિ.સે. રહ્યો હતો.

# કૃષિ અને પશુપાલન ક્ષેત્રમાં આયાતોને છૂટો દોર આપવાથી ભારતના કિસાનો બરબાદ થઈ જશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર ભાજપની આગેવાની હેઠળની સરકાર માટે માથાના દુખાવા જેવો પુરવાર થઈ રહ્યો છે. આ કરારની જાહેરાત કરવામાં આવે તે પહેલાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત પર અમેરિકાના ટેરિફને ૧૮ ટકા સુધી ઘટાડવાની માહિતી આપી હતી. બીજી બાજુ ડોનાલ્ડ ટ્રમ્પે અને ખાસ કરીને તેમના કૃષિ સચિવે આ કરારને અમેરિકાના કિસાનોના ફાયદામાં ગણાવ્યો હતો, જેને કારણે ભારતના કિસાનોની ચિંતા વધી ગઈ હતી. જો આ કરારમાં અમેરિકાની કૃષિ અને ડેરી પેદાશો શૂન્ય ટેરિફ પર ભારતમાં આયાત કરવાની જોગવાઈ હશે તો તે ભારતના કિસાનોની કમ્મર ભાંગી નાખશે. કદાચ આ કરારની જાહેરાત થાય તો ભારતમાં કિસાનોનું મોટું આંદોલન શરૂ થઈ શકે છે. જો કે વેપાર સોદા વિશે સત્તાવાર માહિતી હજુ આવવાની બાકી છે, પરંતુ ભારતીય વડા પ્રધાન સહિત ભારત સરકારના ઘણા મંત્રીઓએ તેને મોટી સિદ્ધિ ગણાવી છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત ઘણા વિપક્ષી નેતાઓએ દાવો કર્યો હતો કે આ વેપાર સોદામાં ખેડૂતો અને ડેરી ક્ષેત્રનાં હિતોને અવગણવામાં આવ્યાં છે. આનો જવાબ આપતાં ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ભારતે તેના કૃષિ અને ડેરી ક્ષેત્રોનાં હિત સાથે કોઈ સમાધાન કર્યું નથી.

અમેરિકા ઘણાં વર્ષોથી ભારત પર તેના કૃષિ ક્ષેત્રને વેપાર માટે ખોલવા માટે દબાણ કરી રહ્યું છે. તે ભારતને એક મોટા બજાર તરીકે જુએ છે પરંતુ ભારત ખાદ્ય સુરક્ષા, આજીવિકા અને લાખો ખેડૂતોનાં હિતોનું કારણ આપીને તેને ટાળી રહ્યું છે. વાટાઘાટોમાં સૌથી મોટો મુદ્દો કૃષિ ઉત્પાદનોની નિકાસનો રહ્યો છે. ભારત અને અમેરિકા વચ્ચેનો કૃષિ વેપાર ૮ અબજ ડોલરનો છે, જેમાં ભારત ચોખા, ઝીંગા અને મસાલાની નિકાસ કરે છે અને અમેરિકા બદામ, સફરજન અને કઠોળ મોકલે છે. અમેરિકા ભારત સાથેની તેની ૪૫ અબજ ડોલરની વેપાર ખાધ ઘટાડવા માટે મકાઈ, સોયાબીન અને કપાસની મુખ્ય કૃષિ નિકાસ માટે દરવાજા ખોલવાની માંગણી કરી રહ્યું છે.

નિષ્ણાતોને ડર છે કે ટેરિફ છૂટછાટો ભારતને તેના લઘુતમ ટેકાના ભાવ (MSP) અને જાહેર ખરીદી ઘટાડવા માટે દબાણ કરી શકે છે. આ બંને ભારતીય ખેડૂતોની મુખ્ય ઢાલ છે, જે તેમના પાક માટે વાજબી ભાવની ખાતરી આપીને અને અનાજની ખરીદી સુનિશ્ચિત કરીને તેમને અચાનક ભાવ ઘટાડાથી રક્ષણ આપે છે. ગયા વર્ષે જુલાઈમાં, ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI) ના અજય શ્રીવાસ્તવે બીબીસી સંવાદદાતા સૌતિક બિશ્વાસને જણાવ્યું હતું કે કૃષિ આધારિત આજીવિકા જોખમમાં હોવાથી ડેરી ઉત્પાદનો અથવા ચોખા અને ઘઉં જેવા મુખ્ય ખાદ્ય અનાજ પર કોઈ ટેરિફ ઘટાડાની અપેક્ષા નથી. આ શ્રેણીઓ રાજકીય અને આર્થિક રીતે સંવેદનશીલ છે કારણ કે તે ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં ૭૦ કરોડથી વધુ લોકોને અસર કરે છે.




ભારત-અમેરિકા વેપાર કરારમાં ડેરી ક્ષેત્ર પણ એક મુખ્ય મુદ્દો રહ્યો છે. ભારતના ડેરી ક્ષેત્રને ગ્રામીણ અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપનાર માનવામાં આવે છે. ભારતનાં કરોડો લોકો પશુપાલન દ્વારા પોતાની આજીવિકા મેળવી રહ્યાં છે. ભારત સરકારના પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો અનુસાર દેશમાં ૨૦૨૩-૨૪માં ૨૩.૯૨ કરોડ ટન દૂધનું ઉત્પાદન થયું હતું. કુલ દૂધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે. ભારતે ૨૦૨૩-૨૪માં ૨૭.૨૬ કરોડ ડોલરના ૬૩,૭૩૮ ટન ડેરી ઉત્પાદનોની નિકાસ કરી હતી. સૌથી વધુ નિકાસ યુએઈ, સાઉદી અરેબિયા, યુએસ, ભૂટાન અને સિંગાપોરમાં થાય છે. ભારતમાં ડેરી ઉત્પાદનોની આયાત પર નોંધપાત્ર ટેરિફ છે, જેમાં ચીઝ પર ૩૦ ટકા, માખણ પર ૪૦ ટકા અને દૂધ પાવડર પર ૬૦ ટકા ટેરિફ છે. આ જ કારણ છે કે ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાંથી આ ઉત્પાદનોની આયાત કરવી નફાકારક નથી, ભલે આ દેશોનાં ડેરી ઉત્પાદનો સસ્તાં હોય. જો ભારત અમેરિકન ડેરી ઉત્પાદનો માટે પોતાનું બજાર ખોલવાનો નિર્ણય લે તો તેને મોટું નુકસાન સહન કરવું પડી શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના અહેવાલ મુજબ જો ભારતમાં અમેરિકન ડેરી ઉત્પાદનોને મંજૂરી આપવામાં આવે તો ભારતીય ડેરી ઉત્પાદનોના ભાવમાં ઓછામાં ઓછા ૧૫ ટકાનો ઘટાડો થશે અને તેનાથી ખેડૂતોને દર વર્ષે ૧.૦૩ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ડેરી ઉત્પાદનોને ખોલીને, ભારત દૂધ ઉત્પાદક દેશમાંથી દૂધનો વપરાશ કરતાં દેશમાં પરિવર્તિત થઈ શકે છે.

ડેરી ક્ષેત્ર સાથે સંબંધિત બીજો મુદ્દો નોન-વેજ મિલ્ક છે. ભારતમાં મોટી વસતી શાકાહારી છે અને તેઓ પશુ માંસ આધારિત ખોરાક ખાતી ગાયોના દૂધને તેમની ધાર્મિક માન્યતાઓ અનુસાર માનતા નથી. આવી ગાયોના દૂધને નોન-વેજ દૂધ કહેવામાં આવે છે. અમેરિકાના ડેરી ઉદ્યોગમાં ગાયોનું વજન વધારવા માટે તેમને પ્રાણીઓના માંસ અથવા લોહી સાથે મિશ્રિત ખોરાક આપવામાં આવે છે. આ જ કારણ છે કે તેને બ્લડ મીલ પણ કહેવામાં આવે છે. ગાયને ડુક્કરનું માંસ, માછલી, ચિકન, ઘોડાનું માંસ અને બિલાડી કે કૂતરાનું માંસ પણ આપવામાં આવે છે અને પશુઓને પ્રોટીન માટે ડુક્કર અને ઘોડાનું લોહી આપવામાં આવે છે, જ્યારે વજન વધારવામાં મદદ કરવા માટે આ પ્રાણીઓની ચરબીનો એક ભાગ પણ લેવામાં આવે છે. બ્લડ મીલ એ માંસ પેકિંગ વ્યવસાયનું એક ઉત્પાદન છે અને તેનો ઉપયોગ અન્ય પ્રાણીઓને ખવડાવવા માટે થાય છે. પ્રાણીઓને મારી નાખ્યા પછી તેમના લોહીને સ્થિર કરીને સૂકવીને એક ખાસ પ્રકારનો ચારો બનાવવામાં આવે છે, જેને બ્લડ મીલ કહેવામાં આવે છે અને ગાયોને ખવડાવવામાં આવે છે. જુલાઈ ૨૦૨૫ માં પ્રકાશિત બીબીસીના એક અહેવાલમાં જણાવાયું હતું કે ભારત સરકારે સાંસ્કૃતિક ચિંતાઓનો ઉલ્લેખ કરીને અમેરિકન ડેરી ઉત્પાદનોની આયાતને મંજૂરી આપવાનો ઇનકાર કર્યો હતો.

રાષ્ટ્રપતિ ટ્રમ્પના દાવાનું બીજું એક મહત્ત્વનું પાસું એ છે કે ભારત અમેરિકા પાસેથી ૫૦૦ અબજ ડોલરના ઊર્જા, ટેકનોલોજી અને કૃષિ ઉત્પાદનો ખરીદશે. જો કે, વાસ્તવિકતા એ છે કે ભારતની કુલ વાર્ષિક અમેરિકન આયાત હાલમાં ૫૦ અબજ ડોલરથી ઓછી છે. આ સ્તર સુધી પહોંચવામાં દાયકાઓ લાગી શકે છે. તો, શું આ દાવો પાયાવિહોણો છે? રાષ્ટ્રપતિ ટ્રમ્પનું નિવેદન કે ભારત અમેરિકાથી કૃષિ ઉત્પાદનોની આયાત કરશે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આપણા વડા પ્રધાને ૧૫ ઓગસ્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે આપણા ખેડૂતોના હિત સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. આનાથી કૃષિ ક્ષેત્રના એક મોટા વર્ગને રાહત મળી કે અમેરિકન કંપનીઓ હવે આ બજારમાં પ્રભુત્વ નહીં રાખે અને ભારતના નાના ખેડૂતોની આજીવિકા સુરક્ષિત રહેશે. આ આપણા દેશની ખાદ્ય સુરક્ષા વિશે પણ છે. ૧૯૬૦ના દાયકામાં અમેરિકા આપણા પર રાજ કરતું હતું કારણ કે આપણે અમેરિકાથી થતી આયાત પર નિર્ભર હતાં. ત્યારથી અત્યાર સુધી, એવી પરિસ્થિતિ વિકસી છે કે આજે આપણે ગર્વથી કહીએ છીએ કે આપણે આત્મનિર્ભર છીએ. હવે તે આત્મનિર્ભરતા જોખમમાં હોય તેવું લાગે છે. અમેરિકાના કૃષિ સચિવે જે કહ્યું તે પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે અમે ભારતમાં નિકાસ કરીશું અને અમેરિકન ખેડૂતોને તેમનાથી મોટો ફાયદો થશે. આ તેમના તરફથી સત્તાવાર રીતે આવી રહ્યું છે. જો આપણે કૃષિ અને ઊર્જા પર અમેરિકા પર નિર્ભર બની જઈએ તો ભારતની સ્વતંત્રતા પણ જોખમમાં આવી પડશે. આપણા દેશ માટે કૃષિ અને ડેરી પેદાશો બે મૂળભૂત બાબતો છે, જેનો આપણે પહેલાં સંપૂર્ણપણે ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે અમે આ બાબતોમાં સમાધાન કરીશું નહીં અને આ અમારા સાર્વભૌમ નિર્ણયો રહેશે. જો આ બાબતોમાં ભારત નમી ગયું હોય તો આપણું સાર્વભૌમત્વ જોખમમાં છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

દૂધ પોઈન્ટ ■ સમકિત શાહ ■

**ડેરી ક્ષેત્ર સાથે સંબંધિત બીજો મુદ્દો નોન-વેજ મિલ્ક છે. ભારતમાં મોટી વસ્તી શાકાહારી છે અને તેઓ માંસ આધારિત ખોરાક ખાતી ગાયોના દૂધને ધાર્મિક માન્યતાઓ અનુસાર વાપરતા નથી**

# BUSINESS મિત્ર

**વૈશ્વિક બજારોની પાછળ ગેપડાઉન ખુલ્યા બાદ સેન્સેક્સ-નિફ્ટી રીકવર થયા, ITના કડાકા સામે FMCGની તેજીની બાજી, બેન્ક નિફ્ટી 60,000ને પાર**

# આરબીઆઈની 'પોલિસી'એ બજારને ઉગાર્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 6:** વૈશ્વિક નબળા સંકેતો અને ખાસ કરીને વિશ્વભરના આઈટી કંપનીઓના શેરોમાં કડાકો બોલાયો હોવાથી આજે પણ ભારતીય શેરબજારમાં આઈટી સેકટરમાં ગેપડાઉન ઓપનીંગ થયું હતું અને દિવસ દરમ્યાન દબાણ હેઠળ રહ્યું હતું, તે ઘટાડાને આજે એફએમસીજી સેકટરે કવર કરી દીધું હતું. બીજી તરફ, આજે આરબીઆઈની પોલિસીમાં વ્યાજદર યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો, જે બજારને નીતિગત સ્થિરતાના સંકેત મળ્યા હોવાથી ગેપડાઉન ઓપનીંગં રીકવર થયું હતું અને છેલ્લે બજાર રીકવર થઈને પોઝિટિવ બંધ રહ્યું હતું. બેન્ક નિફ્ટી 60000ની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી. જોકે, બ્રોડર માર્કેટ દબાણમાં રહ્યું હતું. આજે રોકાણકારોએ રૂ. 34000 કરોડની કમાણી કરી હતી.

આ સપ્તાહ દરમ્યાન બજેટ, ભારત-અમેરિકા ટ્રેડ ડીલ, આઈટી શેરોને એંથ્રોપિક એઆઇ તથા રિઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખવાના નિર્ણય જેવી તમામ ઘટનાઓને પચાવી હતી અને આજે સપ્તાહના અંતે છેલ્લે નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા.

આરબીઆઈએ કેલેન્ડર વર્ષ 2026ની પ્રથમ નાણાકીય નીતિ સમીક્ષા કરી હતી, જેમાં રેપો રેટ યથાવત રાખ્યો હતો, ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, આગામી વર્ષના પ્રથમ અને બીજા કવાર્ટરમાં સીપીઆઈ ફુગાવો અનુક્રમે 4 અને 4.2 ટકા રહેશે. તેમણે કહ્યું કે, ભારતીય અર્થતંત્ર સ્થિર અને સુધારણાના માર્ગ પર ચાલુ છે. વાસ્તવિક જીડીપી પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે 7.4 ટકાની નોંધપાત્ર ઉંચી વૃદ્ધિ નોંધાવવા માટે સજજ છે. જે આગામી વર્ષે પણ વૃદ્ધિ ચાલુ રહેશે.

બીએસઇ સેન્સેક્સ 266.47 પોઈન્ટ એટલે કે 0.32 ટકા સુધરીને 83580.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 83612 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 82925 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 50.90 પોઈન્ટ એટલે કે 0.20 ટકા સુધરીને 25693.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીએ 25700ની સપાટી કુદાવીને 25703.95 પોઈન્ટના સ્તર સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25491 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 56.90 પોઈન્ટ એટલે કે 0.09 ટકા સુધરીને 60120.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આમ, ઈન્ટ્રાડેમાં 60000 પોઈન્ટની સપાટી તોડ્યા બાદ છેલ્લે આ લેવલ ટકાવી રાખ્યું હતું.

બીએસઇ ખાતે એલઆઈસી 15.64 ગણા, ગો ડીજીટ જનરલ ઈન્સ્યોરન્સ 15.16 ગણા, બજાજ હોલ્ડીંગ્સ 12.41 ગણા, મેડપ્લસ હેલ્થ સર્વિસીસ 11.8 ગણા, ક્રિલોસ્કર બ્રધર્સ 9.14 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ક્રિલોસ્કર બ્રધર્સ 26.32 ગણા, કોનકોર્ડ બાયોટેક 20.09 ગણા, ગોડફ્રે ફિલિપ્સ 18.29 ગણા, એલઆઈસી 15.16 ગણા, સાઈ લાઈફ સાયન્સીસ 7.91 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વેચવાલી ચાલુ હી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.11 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 0.42 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 1916 શેરો વધ્યા હતા, જ્યારે 2273 શેરો ઘટ્યા હતા અને 182 શેરો યથવત રહ્યા હતા.

આજે એફએમસીજી શેરોમાં મજબૂતાઇ જોવા મળી હતી. નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 2.24 ટકા વધ્યા હતા. જેમાં આઈટીસી, એચયુએલ, યુનાઈટેડ બ્રુવરેજીસ, પંતજલી ફુડસ, યુનાઈટેડ સ્પીરીટસ, ગોદરેજ કન્ઝયુમર, કોલગેટ-પામોલીવ, ડાબર ઈન્ડિયા, બ્રિટાનીયા અને મેરિકો વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે અમેરિકામાં ટેક શેરોમાં ભારે વેચવાલીના દબાણના પગલે આજે એશિયન બજારોમાં નરમાઇ જોવા મળી હતી, જ્યારે યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. ટ્રમ્પે ડિસ્કાઉન્ટેડ પ્રિસ્ક્રિપ્શન દવાઓ ઓફર કરતી તેમની વેબસાઈટનું અનાવરણ કર્યા પછી જાપાનની ફાર્મા કંપનીઓમાં પણ ઘટાડો નોંધાયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.19 ટકા, કેક 0.06 ટકા અને ડેક્સ 0.82 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.68 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## ડોલરમાં રીકવરી, 31 પૈસા વધ્યો

કરન્સી બજારમાં આજે ડોલરમાં રીકવરી જોવા મળી હતી અને છેલ્લે 31 પૈસા વધીને 90.66નાસ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.35ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.65, પાઉન્ડ 122.51, કેનેડિયન ડોલર 66.17, ઓસ્ટ્રેલિયન ડોલર 63.46, જાપાનીઝ યેન 0.5770, સીંગાપોર ડોલર 71.38ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.66 રૂ. |
| યુરો | 106.65 રૂ. |
| પાઉન્ડ | 122.51 રૂ. |
| યેન | 0.5770 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 266.47 | 83580.40 |
| નિફ્ટી | 50.90 | 25693.70 |
| બેન્ક નિફ્ટી | 56.90 | 60120.55 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 5.03 | 325.80 |
| કોટક બેન્ક | 3.33 | 422.35 |
| એચયુએલ | 2.96 | 2424.20 |
| ભારતી એરટેલ | 2.31 | 2038.40 |
| બજાજ ફાઇનાન્સ | 1.76 | 981.70 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી લાઇફ | 2.39 | 703.50 |
| ટીસીએસ | 1.67 | 2941.60 |
| ટેક મહિન્દ્રા | 1.60 | 1619.90 |
| બજાજ ઓટો | 1.33 | 9518.50 |
| એશિયન પેઇન્ટસ | 1.27 | 2401.10 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 5.09 | 326.05 |
| કોટક બેન્ક | 3.35 | 422.35 |
| એચયુએલ | 2.63 | 2416.00 |
| ભારતી એરટેલ | 2.32 | 2038.35 |
| બજાજ ફાઇનાન્સ | 1.76 | 981.65 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.69 | 1618.30 |
| ટીસીએસ | 1.69 | 2941.45 |
| અદાણી પોર્ટસ | 1.32 | 1550.20 |
| એશિયન પેઇન્ટસ | 1.21 | 2402.20 |
| ઇટર્નલ | 1.20 | 283.45 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૮૫૦૦ |
| તેજાબી સોનું | ૧૫૮૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૫૭૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૫૩૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૮૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૩૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૪૯૦૦ |

# એસેસમેન્ટની સાથે હવે પેનલ્ટી લાગી જશે

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

**હાલનો કાયદો**

હાલના 1961 ના ઈન્કમટેક્ષ કાયદા મુજબ એસેસમેન્ટ ઓર્ડર પસાર કરતી વખતે કલમ-270A ની આવક છૂપાવવા સંબંધી પેનલ્ટી અંગેની કાર્યવાહી શરૂ (Initiate) કરવામાં આવે છે. પેનલ્ટી લગાડવામાં આવતી નથી અને એકવાર આવી કાર્યવાહી શરૂ થયા પછી એસેસમેન્ટમાં જે આવકના ઉમેરા થયા હોય તેને આધારે ભવિષ્યમાં આવી પેનલ્ટી, કમિશ્નર (અપીલ) કે ટ્રીબ્યુનલના ચૂકાદા પછી રદબાતલ કરવામાં આવે છે. અને આવા આવકના ઉમેરા (Addition) યાને કે અપીલમાં આવા એડિશનો સાચા ઠરે તો પેનલ્ટીની રકમ તથા તેના ઉપર એટલા વર્ષોનું વ્યાજ ભરવું પડે છે. પરંતુ આ સીસ્ટમમાં એસેસમન્ટ ઓર્ડર પસાર કરતી વખતે એક સાથે પેનલ્ટી લગાડવામાં આવતી ન હતી એટલે અંશે કરદાતાને રાહત હતી.

**પેનલ્ટી માફી (Waiver)**

ડિમાન્ડ નોટીસના 30 દિવસના સમયગાળામાં આવકવેરા અધિકારીને એસેસમેન્ટમાં ઉભી કરવામાં આવેલ ડિમાન્ડ સાથેનું ચલણ ભરીને પેનલ્ટીમાંથી માફીની અરજી કરી દેવામાં આવે તો પેનલ્ટી માફ કરવાની સત્તા આવકવેરા અધિકારી પાસે છે. આવી પેનલ્ટી અંડર રીપોટીંગ આવક અંગેની છે જે ટેક્ષ ડિમાન્ડના 50 ટકા લાગે છે પરંતુ ગેરરજૂઆત કે ગેરમાર્ગે દોરવાના ગંભીર ગુનામાં (Misreporting) આ પેનલ્ટી 200 ટકા લાગે છે.

**કાયદામાં સુધારો**

બજેટમાં ફાયનાન્સ એકટ 2026માં આવેલ અગત્યના અને ગંભીર ફેરફારોમાં 1-4-2027 પછી પસાર થનાર એસેસમેન્ટ ઓર્ડરોમાં એક ઓર્ડરની અંદર જ પેનલ્ટી લગાડતો (imposition) ઓર્ડર પસાર કરવામાં આવશે. એસેસમેન્ટ ઓર્ડર માટેની ઉરી અધિકારીની મંજૂરી એ પેનલ્ટી લગાડવા અંગેની મંજૂરી પણ ગણાશે હાલના કાયદામાં ગેરરજૂઆથ અંગેની 200 ટકા પેનલ્ટી માફ કરવાની સત્તા આવકવેરા અધિકારીને નથી જે સત્તા હવે નવા કાયદામાં તથા જૂના કાયદાના (કેટલાક એસેસમેન્ટ વર્ષો) માટે આપવામાં આવી છે. પરંતુ ગેરરજૂઆતના કિસ્સામાં કરદાતાએ એસેસમેન્ટ ઓર્ડરની ડિમાન્ડ સ્વીકારી લેવી પડશે અને પૂરેપૂરો ટેક્ષ ભરી દેવો પડશે. જયારે પેનલ્ટીના 200 ટકામાંથી 100 ટકા ભરી દેવાથી બાકીની 100 ટકા પેનલ્ટી અને પ્રોસીકયુશન માફ થશે અને આ રીતના સમાધાનથી કેઈસ-ફાઈલ બંધ થાય છે અને અપીલ કે દાવાદૂંગીનો અંત આવે છે અને જે કરદાતાને આ ફોમ્યુલા મંજૂર નથી તેમણે એસેસમેન્ટ ઓર્ડરના એડિશન અને પેનલ્ટી બન્ને માટે અપીલમાં લડવાનું રહે છે. આ સામે ટેક્ષ ડિમાન્ડના અગાઉ 20 ટકા ભરવાના રહેતા હતા તે હવે 10 ટકા ભરવાના રહેશે. ઉપરાંત કલમ 220નું વ્યાજ (નવા કાયદાની કલમ-411) કમિશ્નર (અપીલ)ના ચૂકાદા સુધી લગાડવાનું નથી પરંતુ કમિશ્નર (અપીલ)નો ચૂકાદો કરદાતાની વિરૂધ્ધ આવે તો વ્યાજ ત્યારથી ચાલુ થશે.

**હવે શું ?**

આમ આવનાર દિવસોમાં એક સાથે મોટી રકમની ડિમાન્ડ ઉભી થશે જેમાં કેટલાક ઓડિશનો ટકે એવા ન હોય છતા કરદાતાએ તેનો ામનો કરવો પડશે. વળી પેનલ્ટી અંડર-રીપોર્ટીંગ કે મિસ-રીપોર્ટીંગમાં પડે છે એ વિવાદ અપીલમાં જ સૂલઝાવવાનો રહે છે. હાલની કલમમુજબના કેશ-ક્રેડિટના એડિશનો, બેનંબરી રોકાણ કે નાણાં વિગેરેમાં પણ હવે ગેરરજૂઆત (Misreporting)ની 200 ટકા પેનલ્ટી લાગુ પડશે. અને આવકવેરા અધિકારીને અરજી કરીને ટેક્ષ ડિમન્ડના 100 ટકા અને પેનલ્ટી ડિમાન્ડ પેટે 120 ટકા ભરીને માફી મળશે. જો કે ઉપરોકત પ્રારના એડિશનો ઉપર ટેક્ષ 60 ટકા થી ઘટાડીને 30 ટકા કર્યો છે જયારે સરચાર્જ 25 ટકા અને સેશ હજુ ચાલુ છે. આમ 75 ટકા (39 ટકા + 36) ભરવાના થશે જે હાલ 84 ટકા (78 ટકા +6 ટકા) છે. આમ કોઈ રાહત આપી નથી.

**61% હિસ્સા માટે 33,000 કરોડની ડીલ ફાઈનલ થવાની તૈયારી**

# IDBI બેંકના વેચાણની ઘડીઓ ગણાઈ

**કોટક** બેંક સહિત 3 દિગ્ગજો આ અઠવાડિયે લગાવશે અંતિમ બોલી

નવી દિલ્હી, તા. 6: ભારત સરકાર ચાલુ નાણાકીય વર્ષમાં આઈડીબીઆઇ બેંકમાં હિસ્સો વેચવાની પ્રક્રિયા પૂર્ણ કરવા જઈ રહી છે. જેમાં કોટક મહિન્દ્રા બેંક, અમીરાત એનબીડી અને ફેરફેક્સ ઈન્ડિયા હોલ્ડિંગ્સ આ અઠવાડિયે આઈડીબીઆઈ બેંકમાં 61 ટકા હિસ્સો ખરીદવા માટે તેમની અંતિમ બીડ સબમિટ કરવા જઈ રહ્યા છે. હાલમાં, કેન્દ્ર સરકાર પાસે આઈડીબીઆઇ બેંકમાં 45.48 ટકા હિસ્સો છે એલઆઈસી પાસે 49.24 ટકા હિસ્સો છે. આ બાબત સાથે સંકળાયેલા સૂત્રો કહે છે કે એક બીડ મોકલવામાં આવી છે, અને બાકીની બીડ સપ્તાહના અંત પહેલા આવવાની સંભાવના છે. આ બીડ નાણાં મંત્રાલયના ડીઆઈપીએએમને આપવામાં આવશે. સરકાર આઈડીબીઆઇ બેંકમાં પોતાનો 30.48 ટકા હિસ્સો વેચી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે તેનાથી સરકારને લગભગ 33000 કરોડ રૂપિયાની આવક થવાની ધારણા છે. એલઆઈસી બેંકમાં 30.24 ટકા હિસ્સો વેચી રહી છે. આ પહેલા જાન્યુઆરીના અંતમાં, એવા અહેવાલ આવ્યા હતા કે 3 શોર્ટ-લિસ્ટેડ બીડર્સ કોટક મહિન્દ્રા બેંક, અમીરાત એનબીડી અને ફેરફેક્સ ઈન્ડિયા હોલ્ડિંગ્સને 5 ફેબ્રુઆરી સુધીમાં અંતિમ બીડ કરવા કહેવામાં આવ્યું છે.